# બનાસકાંઠામાં કોરોનાની એન્ટ્રી : બે પોઝિટિવ

## પાલનપુરના ગઠામણના આધેડ અને વાવના મીઠાવી ચારણના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં ફફડાટ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કાતિલ કોરોના વાયરસની એન્ટ્રી થવા પામી છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામના આધેડ અને વાવના મીઠાવી ચારણ ગામના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં જિલ્લાવાસીઓ ફફડાટ પ્રસરી ગયો છે. એક સાથે બે પોઝિટિવ કેસોના પગલે હરકતમાં આવેલા આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક બન્ને ગામોમાં ટીમો દ્વારા સર્વે હાથ ધરી પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલા પરિવારજનો તેમજ અન્ય લોકોને શોધી હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. જોકે, બનાસકાંઠામાં રવિવાર સાંજ સુધી એકપણ કેસ ન નોંધાતા તંત્ર હાશકારો અનુભવી રહ્યું હતું. પરંતુ જેનો ડર હતો તે આખરે થઈ ને રહ્યું છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામના સામાભાઈ ખેમાભાઈ પરમાર (ઉ.વ.૫૫) અને વાવના મીઠાવી ચારણ ગામના બાળક મહેક અરવિંદભાઈ વડાલીયા (ઉ.વ.૫ વર્ષ)નો રિપોર્ટ પોઝિટિવ આવતાં જિલ્લાવાસીઓ ફફડાટ પ્રસરી ગયો છે.

એક સાથે બે પોઝિટિવ કેસોના પગલે હરકતમાં આવેલા આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક બન્ને ગામોમાં ટીમો દ્વારા સર્વે હાથ ધરી પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલા પરિવારજનો તેમજ અન્ય લોકોને શોધી હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### બંને ગામોમાં સઘન સર્વે કરવામાં આવ્યું છે : ડૉ. મનીષ ફેન્સી

બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય તંત્રએ શનિવારે ફિલ્ડમાં જઈ ૮૩ જેટલાં લોકોના સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલ્યા હતા. જેમાં ડીસા- ૨૦, વડગામ- ૨૦, ચંડીસર- ૧૭, થરા- ૧૬ અને થરાદ-૧૦ મળી કુલ- ૮૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી બે જણાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યાં વાવના મીઠાવી ચારણ ગામે આરોગ્યની ૧૦ ટીમો દ્વારા ૨૫૦૦ લોકોનો સર્વે કરાયો છે. ગઠામણ ગામે પણ સઘન સર્વે કરી બન્ને ગામોમાં કોરોના પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલા ૫૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તેમજ અન્ય સંપર્કમાં આવેલા લોકો પણ નજીકના આરોગ્ય કર્મીનો સંપર્ક કરે તેવી અપીલ છે.

## ધાનેરા રેલવે સ્ટેશન પાસે આવેલ શિવ મંદિરવાળી ગલીને હોમ કોરોન્ટાઇન કરાઈ

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના બે કેસ પોઝેટીવ મળી આવતા ચકચાર મચી જવા પામી છે ત્યારે તંત્ર પણ દોડતું થયું વાવ તાલુકાના મીઠાવીચારણ ગામના પાંચ વર્ષના બાળક ને કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી છે તો બીજી તરફ આ પાંચ વર્ષના બાળકને સારવાર અર્થે ડીસાની હિરેન પટેલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો અને તે દિવસે જે લોકોએ હિરેન પટેલ હોસ્પિટલની મુલાકાત લીધી તેવા તેવા તમામ લોકોનું લિસ્ટ મેળવી આરોગ્ય વિભાગ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ધાનેરા રેલવે સ્ટેશન પાસે ની શિવ મંદિર ની બાજુ ની ગલી માં રહેલા એક પેશન્ટ તરીકે લોકો હિરેન પટેલ હોસ્પિટલ માં ગયા હતા જેને આજે નગરપાલિકા તંત્ર આરોગ્ય વિભાગ તેમજ પોલીસની ટીમે તે વિસ્તારમાં પહોંચી તપાસ હાથ ધરી હતી અને રેલવે સ્ટેશન પાસે આવેલ શિવ મંદિરની બાજુ વાળી આખી ગલી ને હોમ કોરોનટાઈન કરી કોરોનાવાયરસ ને ફેલાતો અટકાવવા પ્રયાસ કર્યો છે ત્યારે મીડિયા સાથેની વાતચીતમાં નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે આ વિસ્તારના તમામ લોકોને હોમ ડિલિવરી રૂપે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવશે.







### હોમ ક્વોરોન્ટાઇનનો ભંગ કરનાર વ્યક્તિ સામે પાલનપુર સીટી પૂર્વ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને ફેલાતી અટકાવવા માટે તા. ૨૩ માર્ચ-૨૦૨૦થી રાજયભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલ દ્વારા લોકડાઉનનો તથા હોમક્વોરન્ટાઈનનો ચુસ્તપણે અમલ કરવા પોલીસ અધિકારીઓને કડક સુચના આપવામાં આવેલી છે. પાલનપુર શહેરમાં સલેમપુરા બરબારી વાસ ખાતે રહેતા શોયબભાઈ મહેબુબભાઈ બાબી મુંબઈ અંધેરીથી આવેલા હોઈ તેમને તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૦ સુધી આરોગ્ય વિભાગે હોમ ક્વોરેન્ટાઈન રહેવાની સુચના આપી હતી. પરંતુ ગઈ કાલે તા. ૧૨ એપ્રિલ-૨૦૨૦ના રાત્રિના ૧૧.૦૦ વાગે ઘરની બહાર નીકળેલ હોઈ, આધુનિક ટેકનોલોજીથી ટાવર લોકેશનથી ખબર પડતા પોલીસે તેના ઘરે જઈ તપાસ કરી તો તેઓ ઘરે હાજર નહોતા. આ હોમક્વોરોન્ટઈન કરેલ વ્યક્તિને ઘરની બહાર નીકળવાની મનાઈ હોવા છતાં પોતાના ઘરમાંથી બહાર નીકળી અન્ય લોકોના સંપર્કમાં આવે તો આ વ્યક્તિ કોરોના વાયરસનું સંક્રમણ કરે જે જીવલેણ સાબિત થઈ શકે છે તેવું જાણતો હોવા છતાં બેદરકારી રાખી ઘરની બહાર નીકળી સરકારશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યો હોવાથી તેમની વિરૂધ્ધ એ.એસ.આઈ.શ્રી અબુ દુલરહેમાન શેરમહંમદે ઈ.પી.કો. કલમ ૨૭૦, ૨૭૧, ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ હેઠળની કલમ-૫૧ (બી) મુજબની ફરીયાદ નોંધાવી છે તેમ બનાસકાંઠા જિલ્લા પંચાયતની આરોગ્ય કચેરી દ્વારા જણાવાયું છે.



પાટણ જીલ્લામા કોરોના પોઝટીવનો આંક ૧૮ એ પહોચતા નજીકના બનાસકાંઠા જીલ્લાનુ તંત્ર હરકતમા આવ્યુ છે અને પાટણને જોડતા મુખ્ય માર્ગો પર સઘન નાકાબંધી અને ચેકીંગ શરૂ કર્યુ છે તેમજ કારણ વિના નિકળનાર લોકો વિરુધ્ધ ધારા ૧૪૪ અને વાહન ડીટેઈન જેવી કાર્યવાહી શરૂ કરી છે ત્યારે પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાને જોડતા નાના મોટા રસ્તા પણ બંધ કરી દેવાયા છે. છેવાડાના ખારેડા ગામથી સામઢી, વાસણી, મડાણા, તાલેપુરા આસેડા, નવા, દલવાડા સહીતના બનાસકાંઠાના ગામોને જોડતા માર્ગો જેતે ગામોના સરપંચો દ્વારા જેશીબી વડે ખોદી અને કાંટા નાખી સીલ કરી દેવાયા છે.

## કોરોના સંદર્ભે સાબરકાંઠામાં લેવાયેલા અગમચેતીના પગલા

### જાહેરમાં થૂંકવા બદલ ૬૪૦ લોકો પાસેથી ૭૨૨૫૦નો દંડ વસુલાયો
### વિદેશથી આવેલા ૫૬૪ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશનમાં રખાયા
### શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા ૧૩૧ સેમ્પલ લેવાયા : ૧૧૪ નેગેટીવ

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના મંગળવારે ૨૧ દિવસના લોકડાઉનનો સમયગાળો પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે વહિવટીતંત્ર દ્વારા અનેકવિધ અગમચેતીના પગલા લઈને લોકોને કોરાનાની ઝપેટમાં આવતા બચાવી લેવાયા છે. ત્યારે તેના માટે તંત્ર દ્વારા ૧૪૪ની કલમ લાગુ કરીને લોકોની અવરજવર પર સંપૂર્ણ પાબંધી ફરમાવી દેવામાં આવી છે. ધંધા રોજગાર પણ બંધ હોવાને લીધે લોકોને પરાણે ઘરોમાં બેસી રહેવાનો વખત આવ્યો છે. જોકે જિલ્લામાં વિદેશથી આવેલા ૫૬૪ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશનમાં રખાયા બાદ તેમને મુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો એક કેસ નોંધાયા બાદ તંત્રએ સખ્તાઈના પગલા લઈને લોકોને નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. આરોગ્ય વિભાગના દાવા મુજબ અત્યાર સુધીમાં ૧૩૧ શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લેવાયા હતા જે પૈકી ૧૧૪ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે જેને લઈને એવુ મનાઈ રહ્યુ છે કે આજે લોકડાઉન સંદર્ભે વડાપ્રધાન દ્વારા થનારી જાહેરાત બાદ સાબરકાંઠા જિલ્લાને કેટલીક છૂટછાટો મળે તેવી શક્યતા છે.

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા થયેલી કામગીરીની વિગતો મુજબ જિલ્લામાં ૨૧૧ લોકોને હોમકોરાન્ટાઈન જ્યારે ૩૩ જણાને ગવર્મેન્ટ કોરોન્ટાઈન કરાયા છે. જિલ્લામાં ૬૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા અંદાજે ૧૧૧૫૫૯ વ્યક્તિઓનો સર્વે કરાયો છે. તેજ પ્રમાણે આંતરરાજ્યમાંથી આવતા ૪૪૭૨ તથા ઔદ્યોગીક ક્ષેત્રો સાથે સંકળાયેલા ૪૯૪૩ લોકોનો સર્વે કરાયો છે. સાથોસાથ રાજ્યની સીમાઓ પરથી આવતા ૨૯૨૩ અને તેમના સંપર્કમાં આવેલા ૨૮૬૫ લોકોના સર્વે કરી તપાસવામાં આવ્યા હતા. જોકે શંકાસ્પદ ગણાતા ૧૩૧ દર્દીઓના સેમ્પલ લેવાયા હતા જે પૈકી ૧૧૪ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જ્યારે ૧૬ દર્દીઓના રીપોર્ટ આવવાના બાકી છે.

જાહેરમાં થૂંકીને કાયદાનો ભંગ કરવા બદલ અત્યાર સુધીમાં ૬૪૦ લોકો પાસેથી રૂ. ૭૪૨૫૦નો દંડ વસુલાયો છે. કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે એન-૯૫ માર્કાના ૫૪૧૮ માસ્કનું વિતરણ કરાયુ છે તેજ પ્રમાણે ટ્રીપલ લેયર માસ્કનું ૭૫૫૯૫ વહેચાયા છે. જ્યારે ૩૭ પીપીઈ કીટનો ઉપયોગ કરાયો છે. તથા સેનેટાઈઝર માટે ૨૭૨૦ મશીનો ઉપયોગમાં લેવાયા છે.

## સાબરકાંઠામાં લોકડાઉનના ભંગનો સિલસિલો યથાવત

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસને પગલે ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે તો પણ અનેક લોકો આ નિયમનો ભંગ કરીને પોલીસ સમક્ષ ખોટા બહાના બતાવીને લટાર મારવા વાહનો સાથે નીકળી પડે છે ત્યારે રવિવારે એક જ દિવસમાં જિલ્લામાં જાહેરનામાના ભંગ બદલ ૧૨૫ ફરીયાદો નોંધાઈ છે અને તેમની અટકાયત કરવા છતા ઘરે ન રહેવા ટેવાયેલા લોકો બહાર નિકળી પડે છે. જિલ્લામાં રવિવારે સૌથી વધુ હિંમતનગર એડવીઝનમાં ફરીયાદ નોંધાઈ છે.

જિલ્લામાં અત્યારે ૪૨ ડીગ્રીથી વધુ ગરમી પડી રહી હોવા છતાં કેટલાક લોકો લોકડાઉનથી કંટાળીને વાહનો લઈને બજારોમાં બહાર લટાર મારવા નીકળી પડે છે. જેઓ પોલીસની નજરે ચઢી જતા પોલીસ તેમની પુછપરછ કર્યા બાદ બહાર નિકળવાનુ યોગ્ય કારણ ન જણાતા તેમના વાહનો સાથે તેમની પણ અટકાયત કરીને પાઠ ભણાવે છે તેમ છતાં લોકો પોતાના પરીવારની ચિંતા કરવાને બદલે ઘરમાં નહી રહીને કોરોનાને ઘરમાં લાવવા ફરવા જતા રહે છે.

તો બીજી તરફ જિલ્લામાં અનેક ઠેકાણે લોકો હિંમતનગરની જેમ નીકળી પડે છે ત્યારે પોલીસને ન છુટકે આવા લોકો સામે કાર્યવાહી કરવી પડે છે. દરમિયાન હિંમતનગર શહેરમાં પોલીસને મદદરૂપ થવાના આશયથી નિવૃત સૈનિકોની મદદ લેવાનું શરૂ કરાયુ છે. આ નિવૃત સૈનિકો લશ્કરના પોષાકમાં હિંમતનગરના વિવિધ પોઈન્ટો પર ફરજ બજાવતા હોવાથી સોમવારે અનેક લોકો તેમની ધાક અને પોષાક જોઈને અડધે રસ્તેથી પોબારા ભણી જતા જોવા મળ્યા હતા. જોકે આ નિવૃત સૈનિકો ફરજ નિષ્ઠા માટે કોઈની પણ શેહશરમ રાખતા ન હોવાને કારણે પોલીસતંત્ર માટે ખુબજ આવકાર્ય બાબત બની રહી છે.

### પી.એમ. અને સી.એમ. રાહતફંડમાં ૮૬ લાખથી વધુનું દાન

કોરોના વાયરસ સંદર્ભે સાબરકાંઠા જિલ્લાના દાતાઓ દ્વારા અત્યાર સુધીમાં પી.એમ. અને સી.એમ.ના રાહતફંડમાં અંદાજે રૂપીયા ૮૬ લાખથી વધુનું દાન ચેક મારફતે જિલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું છે. જે મુજબ પી.એમ. ફંડમાં જિલ્લાવાસીઓએ અંદાજે રૂ. ૬૦૨૨૪૯૭ જ્યારે સી.એમ. ફંડમાં અંદાજે રૂ. ૨૫૮૩૪૪૪નું દાન ચેકથી આપવામાં આવ્યુ છે.

# અરવલ્લી જિલ્લાની સરહદો સીલ હોવાની તંત્રની પોલ ખુલી

## રાજસ્થાનના કોરોના હોટસ્પોટ ભીલવાડાના ૬ વેપારીઓ મેઘરજ પહોંચ્યા

અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસતંત્ર દ્વારા જીલ્લાને આંતરરાજ્યો સાથે જોડતી તમામ સરહદો સીલ કરી દેવામાં આવી હોવાની અને પોલીસ બંદોબસ્ત ચુસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનો દાવાઓ કરવામાં આવી રહ્યા છે ત્યારે તંત્રના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે ત્યારે આંતરરાજ્ય સરહદ પર ચાલતી લાલીયાવાડી એ તંત્રની પોલ ખોલી નાખતી ઘટના બહાર આવતા જિલ્લાવાસીઓ ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ કરી રહ્યા છે રાજસ્થાનમાં કોરોનાના હોટસ્પોટ જાહેર થયેલા કોરોનાથી સંક્રમિત બનેલા ભીલવાડા જીલ્લાના ૬ વેપારીઓ વાહન મારફતે મેઘરજમાં પહોંચતા ભારે હડકંપ મચ્યો હતો મેઘરજ આરોગ્ય તંત્રને ભીલવાડાના ૬ વેપારીઓ ધંધાના કામકાજ અર્થે આવ્યા હોવાની જાણ થતા ભારે દોડધામ મચી હતી અને ભીલવાડાના ૭ લોકોની ઓળખ કરી તાબડતોડ જીલ્લા આરોગ્ય તંત્રનો સંપર્ક કરી મોડાસા કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી તમામના કોરોનાના રિપોર્ટ કરાવવા તજવીજ હાથધરી હતી.

અરવલ્લી જીલ્લામાં અત્યારસુધી એક પણ કેસ કોરોનાનો મળ્યો નથી જેના કારણે લોકો એ હાશકારો અનુભવ્યો છે બીજીબાજુ જીલ્લાને અડીને આવેલા રાજસ્થાનમાં કોરોનાની મહામારીએ જીલ્લાને અડીને આવેલા વિસ્તારોમાં પગપેસારો કરતા અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસ ગમે તે ઘડીએ દસ્તક દેતો નવાઈ નહિ નો સંદેહ વ્યક્ત થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લા વહીવટી અને પોલીસતંત્ર આંતરરાજ્ય સરહદો સંપૂર્ણ રીતે સીલ હોવાના દાવાઓ થઈ રહ્યા છે તંત્રની આંતરરાજ્ય સરહદો પરની લાપરવાહી થી રાજસ્થાનમાંથી અનેક લોકો છાનેછુપાને અરવલ્લી જીલ્લામાં આરોગ્યલક્ષી અને ધંધાર્થે મુલાકાત લેતા હોવાથી જીલ્લાના લોકોના માથાપર કોરોના વાયરસ સંક્રમણ નો ખતરો મંડરાતા જિલ્લાવાસીઓ કોરોના સંક્રમણના ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર બન્યા છે.આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજમાં રાજસ્થાનના લોકો અને ધંધાર્થીઓની અવર-જવર થઈ રહી હોવાની માહિતી મેઘરજ આરોગ્ય તંત્રને થતા સતર્ક બન્યું હતું.

રવિવારે રાત્રે રાજસ્થાનના ભીલવાડાના ૬ વેપારીઓ ધંધાર્થે મેઘરજ નગરમાં આવતા આ અંગે મેઘરજ આરોગ્ય વિભાગને જાણ થતા આરોગ્ય વિભાગ સતર્ક બની ભીલવાડાના ૭ શખ્શોની શોધખોળ હાથધરાતા ખાનગી વાહન સાથે મળી આવતા તમામ લોકોને અટકાવી પ્રાથમિક તપાસ હાથધરાતા તમામ લોકો ભીલવાડાના હોવાનું જણાવતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચ્યો હતો અને ૬ વેપારીઓને તાબડતોડ મોડાસામાં આવેલી કોવીડ હોસ્પિટલમાં તકેદારીના ભાગરૂપે આઈસોલેશન વોર્ડમાં ખસેડી મેડિકલ ચેકઅપ કરી ૬ વ્યક્તિઓના કોરોનાના રિપોર્ટ કરાવવા સેમ્પલ લઈ મોકલી આપવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.




### રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પર ચાલતી લાલીયાવાડીથી જાગૃત નાગરિકોમાં રોષ

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી દરરોજ મોટા પ્રમાણમાં દર્દીઓ અને ધંધાર્થીઓ મોડાસા, મેઘરજ અને ભિલોડામાં બિન્દાસ્ત પ્રવેશતા હોવાની અનેકવાર બૂમો ઉઠી છે ત્યારે જીલ્લા વહીવટી તંત્ર, પોલીસતંત્ર અને આરોગ્ય વિભાગે આંતરરાજ્ય સરહદો સંપૂર્ણ સીલ હોવાના કાગળ પર ઘોડા દોડવાના બદલે નક્કર કાર્યવાહી કરી પાટણ બનાસકાંઠા જીલ્લાની જેમ રાજસ્થાન રાજ્યને અડીને આવેલ તમામ સરહદો પર ઊંડા ખાડા ખોદી દેવામાં આવે જેથી રાજસ્થાનમાંથી કોઈપણ વ્યક્તિ પ્રવેશી શકે નહિ...! ની માંગ જાગૃત નાગરિકોમાં પ્રબળ બની છે.